




અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૦૬-૦૨-૨૦૨૫ ગુરૂવાર



# અવધ ટાઇમ્સ


AVADH TIMES GROUP

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેકસ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૧ મહા સુદ ૮ વર્ષ : ૩૦ અંક ૧૪૫







## સાવરકુંડલા-લીલીયાનાં ધારાસભ્યશ્રી મહેશ કસવાલા ખેડુતોની વહારે : સરકાર દ્વારા ટેકાના ભાવે થતી

# મગફળી ખરીદીની સમય મર્યાદા વધારો : શ્રી મહેશ કસવાલા

**અમરેલી જિલ્લામાં રજીસ્ટ્રેશન થઈ ગયુ છે તેવા ખેડુતોને અન્યાય ન થાય તે માટે ધારાસભ્ય શ્રીમહેશભાઈ કસવાલાની કૃષિમંત્રી શ્રીરાઘવજીભાઈ પટેલને રજુઆત**

**આ વખતે મગફળીનો મબલખ પાક થયો છે અને ખેડુતોને ગયા વર્ષ કરતા ઓછા ભાવ મળી રહ્યાં છે ત્યારે ટેકાના ભાવની ખરીદી તેમના માટે ટેકા જેવી છે**

અમરેલી,રાજયસરાકારદ્વારાટેકાનાભાવે ખરીદાતી મગફળીની સમય મર્યાદા વધારવા ધારાસભ્ય શ્રીમહેશ કસવાલાએ રાજયનાકૃષિમંત્રીશ્રીરાઘવજીભાઈપટેલને પત્ર પાઠવી રજુઆત કરી જણાવ્યું છે.કે રાજય સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળી ખરીદવાની પ્રક્રિયામાં જે ખેડુતોએ રજીસ્ટ્રેશનકરાવેલછે.તેવાતમામખેડુતોની છે.તેથી નોંધાયેલ ખેડુતોને અન્યાય ન થાય તેમાટેજરૂરપ્રમાણેસમયમર્યાદામાંવધારો કરવા ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ કૃષિમંત્રી શ્રીરાઘવજીભાઈ પટેલને ભલામણ કર્યાનું શ્રીકસવાલાએ જણાવ્યું છે.



મગફળી ખરીદાય તે માટે સમય મર્યાદામાં વધારોકરવાઘણાખેડુતોનીરજુઆતોમળેલ

### મુંબઇ ઉપનગર પરજીયા પટ્ટણી સોની સમાજનાં પ્રમુખ

# પરજીયા સોની સમાજ માટે સ્વ. વિજયભાઇ સતિકુંવર આજીવન સમર્પિત યોધ્ધા હતાં : શ્રી ભરતભાઇ ચૌહાણ

**અમરેલીમાં સ્વ. વિજયભાઇ સતિકુંવરને ભાવભરી શ્રધ્ધાંજલી પાઠવવામાં આવી**





અમરેલી,

મુંબઈ ઉપનગર પરજીયા પટ્ટણી સોની સમાજનાં પ્રમુખ સ્વ.વિજયભાઈ સતિકુંવર સમસ્ત પરજીયા સોની સમાજ માટે સમર્પિત યોધ્ધાહતાંતેમઅવધટાઈમ્સનાંતંત્રીશ્રી ભરતભાઈ ચૌહાણે જણાવી અને શ્રી વિજયભાઈ સતિકુંવરને શ્રધ્ધાંજલી પાઠવીહતી.

અમરેલી પરજીયા સોની સમાજનાં આગેવાનો સર્વશ્રી શ્રી ભરતભાઈ ચૌહાણ, શ્રી અનિલભાઈ થડેશ્વર, શ્રી સંજયભાઈ ચોકસી, શ્રી ગોપાલભાઈ ધોરડા, શ્રી દકાભાઈ થડેશ્વર, શ્રી ચેતનભાઈધકાણ સહિતે સમસ્ત પરજીયા સોની સમાજ અને અમરેલીનાં પરજીયા સમાજનાં સારા નરસા પ્રસંગોનાં સાથીદાર અને એક સુજબુજ વાળા આગેવાન શ્રી વિજયભાઈને યાદ કરી તેમને ભાવભરી શ્રધ્ધાંજલીપાઠવીહતી.

# અમરેલી પોલીસે પકડેલ નાઇઝીરીયન મહિલાનો પાસપોર્ટ બનાવટી નિકળ્યો

**વેરોનીકાનાં વિઝા પુરા થયા હતાં અને તેણીએ સાઉથ આફ્રિકાનો બનાવટી પાસપોર્ટ બનાવ્યો હતો : નવો ગુનો દાખલ કરતા સાયબર ક્રાઇમનાં શ્રી અજય પરમાર**


અમરેલી, (ક્રાઈમરિપોર્ટર)

દોઢ વર્ષ પહેલા અમરેલી સાયબરક્રાઈમપોલીસસ્ટેશનનાંદાખલ થયેલા ઓનલાઈન ફ્રોડનાં કેસમાં અમરેલી પોલીસે હરિયાણાનાં ગુરૂગ્રામ ખાતેથીતા.૨૯-૫-૨૪નાંરોજવેરોનીકા ઉચ્ચેમા એન્ડુ નામની નાઈઝીરીયન યુવતિનેપકડીપાડીહતી. અનેજેતેસમયે તેમની પાસેથી અલગ અલગ બે દેશનાં પાસપોર્ટ મળી આવેલા પાસપોર્ટ પૈકી એકની વિઝાની મુદત પુરી થઈ હોવાનો અનેબનાવટીહોવાનોજણાતાનવોગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

આઅંગેનીએવાપ્રકારનીછે કે, તા.૨૦-૭-૨૩ નાં રોજ અમરેલી સાયબરક્રાઈમપોલીસસ્ટેશનમાંઠગાઈ અને વિશ્વાસઘાતનો ગુનો દાખલ થયો હતો. અને તા.૨૯-૫-૨૪ નાં


(અનુ. પાના નં.૭)







### ઠંડીમાં સામાન્ય વધારો અમરેલીમાં ૧૪.૦ : થી વધુ ભાવનગરમાં ૧૫.૪ અને સૌથી વધુ ગીરનાર પર્વતમાં ૯.૯ ડીગ્રી તાપમાન નોંધાયું


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
૭૪,૪૦૦/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૦૪-૦૨-૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬.

જોઇએ છે
સિવીલ એન્જિનીયર.............. ૦૨
રોડવર્ક તથા બ્રીજવર્કનો બે વર્ષનો બહોળો અનુભવ
સાઇટ સુપરવાઇઝર................ ૦૨
(આકર્ષક પગાર)
વિમલ કન્સ્ટ્રકશન
૧૨-ખોડીયાર માર્કેટ ધારી, તા.ધારી, જી.અમરેલી
મો.૯૯૦૪૦ ૨૨૩૦૩













આભાર સહ અભિનંદન



શ્રી ભરતભાઇ સુતરીયા — સાંસદશ્રી
શ્રી જનકભાઇ તળાવિયા — ધારાસભ્યશ્રી
શ્રી કૌશિકભાઇ વેકરીયા — નાયબ ઉપદંડકશ્રી

લાઠી તાલુકાના દુધાળા બાઇ ગામે ૨ મેઝર બ્રિજ ની કામગીરી માટે અંદાજિત ૧૪ કરોડના ખર્ચ સેધાન્તિક મંજુરી આપવા સરપંચશ્રી સુરેશભાઇ વિંછીયા દ્વારા રજુઆત કરાતા સાંસદશ્રી ભરતભાઇ સુતરીયા, લાઠીનાં ધારાસભ્યશ્રી જનકભાઇ તળાવીયા, ના.દંડકશ્રી કૌશીકભાઇ વેકરીયા એ મંજુરી અપાવતા ખુબ ખુબ આભાર સહ અભિનંદન.

-:: આભારી ::-
સુરેશભાઇ વિંછીયા
સરપંચશ્રી : દુધાળા બાઇ
તા.લાઠી, જી.અમરેલી








## રેન્જ આઈજીશ્રી ગૌતમ પરમારની સુચના અને માર્ગદર્શન નીચે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન થતા

# ભાવનગરમાં મેચ : અમરેલી એસપી ઇલેવનનો વિજય

### ભાવનગર રેન્જ દ્વારા ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન થતા અમરેલી જીલ્લાની પોલિસ ટીમે ૧૧૭ રન સાથે જીત મેળવી : બોટાદની ટીમને ૧૦૧ રન થયા

### અમરેલીની ટીમે બોટાદની ટીમ સામે જોરદાર ટક્કર આપી : સાવરકુંડલા સામે અમરેલી હેડક્વાર્ટર વચ્ચે મેચ : ક્રિકેટ ટીમોએ પોલીસ પરિવારનું ગૌરવ વધાર્યુ





અમરેલી,

અમરેલીભાવનગર રેન્જના આઈ.જી.શ્રીગૌતમ પરમારની સુચના અને માર્ગર્શન નીચે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન થયું હતુતા.૧ થી ૪ સુધી રેન્જ ટેનીસ ક્રિકેટ પ્રીમીયર લીગ ૨૦૨૫ માં કુલ ૧૬ ટીમોએ ભાગ લીધો હતો.જેમાં અમરેલીટીમપણજોડાયહતીનિયતથયા મુજબભાવનગર સામેભાવનગર શહેર ડિવિઝન,ભાવનગર સામે મહુવા,સાવરકુંડલા સામે ભાવનગર અમરેલી સામે બોટાદ પાલીતાણા સામે અમરેલી અને અમરેલી સામે અમરેલી હેડકવાર્ટર વચ્ચે ટુર્નામેન્ટ રમાઈ હતી.

ભાવનગરના પોલિસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ક્રિકેટ ટુર્નામેન્ટનું રેન્જ આઈ.જી.શ્રી ગૌતમ પરમારે શુભારંભ કરાવ્યોહતો.આટુર્નામેન્ટમાંઅમરેલીની ટીમવિજેતાબનીહતી.જેનેઈનામઆપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી.આમ અમરેલીની ટીમે સમગ્ર ભાવનગરની રેન્જમાંપોલિસેસમગ્રપોલિસપરીવારનું ગૌરવ વધાર્યુ છે.

### સોડીયમ નાઇટ્રાઇટ પાણીમાં પીવડાવી પુત્રની હત્યા કરનાર પિતાને ઝડપી પાડતી અમદાવાદ પોલીસ

---

#### ડેપો મેનેજર દ્વારા ફોન ઉપર સંતોષ કારક જવાબ ના મળતા ઇન્કવાયરી ઓફિસનો ઘેરાવ

## બગસરામાં બેદરકારીનાં લીધે ઘણા દિવસથી અનેક રૂટો બંધ થતા મુસાફરોએ ઘેરાવ કર્યો

### પેસેન્જર એસોસિએસન દ્વારા ડેપો મેનેજરને જાણ કરવા છતાં અધિકારીના પેટનું પાણી પણ હલતું નથી



બગસરા, (સમીર વિરાણી)

બગસરા એસ ટી ડેપોની હાલત અતિ દયનીય થતી જતી હોઈ તેવું લાગી રહ્યું છે.અનેક સમસ્યાઓથી ઘેરાયેલું અહીંના ડેપો દ્વારા જેમ ફાવે તેમ અનેક રૂટો બંધ કરી દેવામાં આવે છે. જાણવા મળતી માહિતી મુજબ રોજના ૧૫ જેટલાં રૂટો બંધ કરી દેવામાં આવે જયારે રેગ્યુલર ચાલતા અને વર્ષો જુના રૂટો બંધ કરી દેવામાં આવે છે. જેવાકે વહેલી સવારે ચાલતી બગસરા ભાવનગર જે એક માંત્ર બસ છે અને ઘણા સમયથી રેગ્યુલર ચાલતી હોઈ છતાં હાલમાં ઘણા સમયથી આ બસ બંધ કરી દેવામાં આવી છે.અને બીજી બગસરા રાજકોટ વાયા વડિયા, બગસરા રાજકોટ વાયા દેરડી, બગસરા જૂનાગઢ વાયા ભેસાણ, રાજુલા મહુવા રફાળા,જેતપુર રાજકોટ, ધોરાજી ખાંભા, જેવા અનેક રૂટો બંધ કરી દેવામાં આવ્યા છે જેના લીધે અનેક મુસાફરો હેરાન પરેશાન થઈ ગયા છે અને અંતે આજે તો મુસાફરો દ્વારા પૂછપરછ ઓફીસનો ઘેરવ કરેલ હતો. જયારે આ બાબતે ડેપો મેનેજરને પૂછતાં તેમનો ફક્ત એક જ જવાબ મળે છે કે ડ્રાયવરો નથી અને અમુક ડ્રાયવરો રજા ઉપર છે એટલે થોડા દિવસોમાં ચાલુ કરાવી આપશું.અને હમણાં બીજી એક્સપ્રેશ બસ આવશે તેમાં તમે લોકો જતા રહો આવા ઉડાવ જવાબ આપતાં મુસાફરોમાં રોષ ઉઠી રહ્યો છે અને મુસાફરો દ્વારા માંગ કરવામાં આવી છે કે આવા અધિકારી ઉપર તેમના ઉપરના અધિકારી દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવે અને આવા જેમ ફાવે એમ રૂટો બંધ કરી દેવામાં આવેલ છે તે તમામ રૂટો ચાલુ કરવામાં આવે.

---

## અમરેલી શાંતાબા જનરલ હોસ્પિટલમાં અઢાર વર્ષિય યુવાનનો ૨૯ દિવસની સારવાર બાદ આબાદ બચાવ

### જાણીતા ફીજીશ્યન ડો. વિજય વાળાએ તત્કાલ વેન્ટીલેટર પર રાખી સફળ સારવાર કરી



અમરેલી,

શાંતાબા જનરલ હોસ્પિટલ ખાતેથી મળેલ માહિતી મુજબકુંકાવાવતાલુકા ના લુણીધાર ગામના ૧૮ વર્ષીય યુવક સંજયભાઈ ભુરીયાને ઝેરી દવાની અસર હેઠળ અત્યંત ગંભીરહાલતમાં અમરેલી ની શાંતાબાજનરલહોસ્પિટલમાં ૨૪ કલાક કાર્યરત ઈમરજન્સી વિભાગમાં લાવવામાંઆવ્યા હતા. તે તેમની હાલત અન્યંત ગંભીર હોવાથી મેડીસીન વિભાગના એમ.ડી.

ફીઝીશીયન ડો. વિજયવાળા દ્વારા તેમને તાત્કાલિક ICU વિભાગમાં વેંટીલેટર પર દાખલ કરવામાં આવેલ હતા.

આ સારવાર દરમ્યાન અચાનક ઝેરી દવાની અસર ના કરને તેમને શ્વાસને લગતી તકલીફ (ARDS) થતા તેમને રેસ્પીરેટરી વિભાગના ફેફસાના ડો. હિમ પરીખ દ્વારા બ્રોન્કોસ્કોપીની સારવારને કફ કાઢવામાં આવ્યો હતો.

શાંતાબા જનરલ હોસ્પીટલના નિષ્ણાંત ડોકટર અને ICU વિભાગના નર્સિંગ સ્ટાફ દ્વારા આશરે એક મહિનાની સફળ મહેનતના અંતે દર્દીને નવજીવન મળતા દર્દી અને તેમના સગાવ્હાલાએ તમામનો આભાર માની અને પોતાની ખુશી વ્યક્ત કરી હતી.

---

#### ડો. કથીરીયાના દવાખાનાના પાસે અકસ્માત

## અમરેલી શહેરનાં ગજેરાપરામાં બાઇક અથડાવવા પ્રશ્ને ધારીયા વડે હુમલો

### માથાના ભાગે ધારીયાનાં ઘા થતા ગંભીર હાલતમાં યુવાનને હોસ્પિટલમાં ખસેડાયો

અમરેલી,ગતરાત્રીનાંઅમરેલીના કુંડલા રોડે લીલાનગરમાં રહેતા પારસ જીતેન્દ્રભાઈ જોગદીયા ઉ.વ.૨૭ તેના મિત્ર ભાવેશ ખીમસુરીયા સાથે હીરામોતી ચોક તરફ જતા હતા ત્યારે ફાટક ઉતરીને ડો. કથીરીયાના દવાખાના પાસે પહોંચતા વળાંક લેવા બાબતે ભખાભાઈ નામના બાઈક ચલાક સાથે બોલાચાલી થતા ભખાએ બે લાફા મારી એક યુવાનને બોલાવી લાવતા તેણે ધારીયુ અને ભખાએ પાઈપ જેવા હથીયારથી હુમલો કરતા માથામાં ઈજા સાથે તેને સિવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પોલીસે આ અંગે ગુનો દાખલ કર્યો છે.

---

#### અમરેલી નગરપાલિકાના વોર્ડ નં.૫ ની પેટાચુંટણીમાં

## અમરેલીમાં આજે ચુંટણી કાર્યાલયનો પ્રારંભ કરાશે

### શહેર ભાજપ દ્વારા સત્યનારાયણની કથા સાથે ચુંટણી કાર્યાલયનો પ્રારંભ થશે

અમરેલી,

અમરેલી નગરપાલિકાનાં વોર્ડ નં.૫ માં પેટાચુંટણી માટે અમરેલી શહેર ભાજપ પરિવાર દ્વારા આજે તા. ૬-૨-૨૫ ગુરૂવારે સાંજે ૮ કલાકે ચક્કરગઢ રોડ ઓમ ફરસાણની બાજુમાં અમરેલી ખાતે ભાજપ વોર્ડની ચુંટણી કાર્યાલયનો પ્રારંભ કરાશે. તેમ અમરેલી શહેર ભાજપ પરિવાર દ્વારા જણાવાયુ છે.

---

#### ભાજપનાં પાયાના પથ્થરસમા મુક સેવક એવા

## સાવરકુંડલાના ભાજપ અગ્રણી જીવનભાઇ હાદાભાઇ કાબરીયાનું નિધન : ઘેરો શોક

### સદગતની અંતિમ યાત્રામાં વિવિધ આગેવાનોએ જોડાઇ શ્રધ્ધાસુમન અર્પણ કર્યા



અમરેલી,

ભાજપના પાયાના પથ્થરસમા અને આજીવન મુક સેવક એવા સાવરકુંડલા પંથકના ભાજપ અગ્રણી અને પાટીદાર સમાજના આગેવાન સ્વ.જીવનભાઈ હાદાભાઈ કાબરીયાનું નિધન થયુ છે. પાટીદાર સમાજના અગ્રણી શ્રી વિપુલભાઈ, શ્રી નિરજભાઈ, શ્રી મનનભાઈના પિતાશ્રી જીવનભાઈ કાબરીયાનું નિધન થતા આ વિસ્તારમાં ઘેરો શોક વ્યાપી ગયો છે. સદગતની સ્મશાનયાત્રામાં વિવિધ ક્ષેત્રનાં આગેવાનો અને ભાજપ કાર્યકરો, વેપારીઓ સહિતે જોડાઈને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા.

---

### અવસાન નોંધ

**વેરાવળ**

મુળ.ગોરખમઢી હાલ.વેરાવળ નિવાસી જયાબેન હીમતગીરી ગોસાઈ ઉ.૭૮ તે જયેશગીરી,મહેશગીરી,ભરતગીરી ના માતૃશ્રી તથા શાંતીગીરી સામંતગીરી ગોસાઈ (રાજકોટવાળા) ના ભાભી નું તા. ૩/૨/૨૫ ના અવાસન પામેલ છે.સદગત નું બેસણું તા.૬/૨/૨૫ ને ગુરૂવારે સાંજે ૪ થી ૬ હરસીધ્ધી એપાર્ટમેન્ટ રાજડેરી વાળી ગલી ૬૦ ફુટ રોડ મહેશગીરી ગોસાઈ ના નિવાસ સ્થાન વેરાવળ ખાતે રાખેલ છે.

**વેરાવળ**

મુળ.દેલાવડા હાલ.મીરા રોડ(મુંબઈ) નિવાસી છારીયા ઉનેવાળ બ્રાહમણ સુરેશભાઈ બી.પુરોહીત ઉ.૭૨ તે હર્ષાબેનના પતિ તથા રીષી, ભકિત ના તથા કમલેશભાઈ, ધવલભાઈ, વિરલભાઈ ના મોટાભાઈ નું તા.૩૦/૧/૨૫ ના રોજ અવાસન પામેલ છે. સદગત ની સાદડી તા.૬/૨/૨૫ ને ગુરૂવારે સાંજે ૪ થી ૬ વિરાટ રેસીડેન્ડ સાંઈબાબા મંદિર પાછળ વિરલભાઈ પુરોહીત ના નિવાસ સ્થાન વેરાવળ ખાતે રાખેલ છે.

---

## સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં ભાજપ દ્વારા સ્ટાર પ્રચારકોની યાદી જાહેર

### ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી પાટીલે લીસ્ટ બહાર પાડયું

અમરેલી,

રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીને અનુલક્ષીને ભાજપ પ્રદેશ પ્રમુખ શ્રીસી.આર.પાટીલ દ્વારા સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી છે.જે મુજબ શ્રીસીઆર પાટીલ(પ્રદેશપ્રમુખ) ,શ્રીભુપેન્દ્રભાઈ પટેલ (મુખ્યમંત્રી), શ્રીનિતિનભાઈ પટેલ(પુર્વ નાયબમુખ્યમમંત્રી), શ્રીમનસુખભાઈ માંડવીયા (કેન્દ્રીય મંત્રી), શ્રીપરષોતમભાઈ રૂપાલા (સાંસદ), શ્રીરત્નાકરજી (પ્રદેશ મહામંત્રી), શ્રી ગોરધનભાઈ જડફીયા(પ્રદેશઉપપ્રમુખ) , શ્રીરજનીભાઈ પટેલ(પ્રદેશ મહામંત્રી, શ્રીવિનોદભાઈ ચાવડા(સાંસદ), શ્રીભુપેન્દ્રસિંહ ચુડાસમા(પુર્વ કેબીનેટમંત્રી), શ્રીબ્રિજેશભાઈ મેરજા (પુર્વમંત્રી), શ્રીશબ્દશણરણભાઈ તડવી (પુર્વમંત્રી), શ્રીબળવંતસિંહ રાજપુત (પુર્વમંત્રી), શ્રીપ્રશાંતભાઈ કોરાટ (પ્રદેશીય મોરચા પ્રમુખ), શ્રીગૌતમભાઈ ગેડીયા (પ્રદેશ પ્રમુખ અનુજાતિ મોરચો), શ્રીમયંકભાઈ નાયક(પ્રદેશ પ્રમુખ બક્ષીપંચ મોરચો), શ્રી દિપિકાબેન સરડકા(પ્રદેશ પ્રમુખ મહિલા મોરચા), શ્રીમતિ સીમાબેન મોહીલે (પ્રદેશ મંત્રી મહિલા મોરચો), શ્રીઉદયભાઈ કાનગડ(ધારાસભ્ય અને બક્ષીપંચ મોરચાના પ્રમુખ), શ્રીલવીંગજી ઠાકોરને જવાબદારી સોંપી છે.

### મહેસાણાની જોરનંગ પ્રા. શાળાની શિક્ષિકાને બરતરફ કરવામાં આવ્યાં

---

## સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં કોગ્રેંસ દ્વારા સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરાઈ

### ગુજરાત પ્રદેશ કોગ્રેંસ સમિતિ દ્વારા ચુંટણીની જવાબદારી સોંપાઈ

અમરેલી,રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીને અનુલક્ષીને્ પ્રદેશ કોગ્રેંસ દ્વારા સ્ટાર પ્રચારકોની નિમણુંકો કરવામાં આવી છે.જેમાં શ્રી મુકુંદ વાસનીક,શ્રીશકિતસિંહ ગોહિલ,શ્રીઅમીત ચાવડા,શ્રીજગદીશ ઠાકોર,શ્રીભરતભાઈ સોલંકી,શ્રીસિધ્ધાર્થ પટેલ,શ્રી શૈલેષ પરમાર,શ્રીસુખરામ રાઠવા,શ્રીપરેશ ધાનાણી,શ્રીરામકિશન ઓઝા,શ્રીઉષા નાયડુ,શ્રીસુહાસીની યાદવ,શ્રીભુપેન્દ્ર મારવી,શ્રીલાલજી દેસાઈ,શ્રીઅમીબેન યાજ્ઞિક,શ્રીજીગ્નેશ મેવાણી, શ્રીઈન્દ્રવિજયસિંહ ગોહીલ,શ્રીગ્યાસુદિન શેખ,શ્રીડોકટર તુષાર ચૌધરી,શ્રીપુંજાભાઈ વંશને જવાબદારી સોંપી છે.

**શ્રી હરિ મોબાઇલ**
એસી, કુલર, વોશીંગ મશીન, ફ્રીજ, મોબાઇલ ઉપર સરળ હપ્તે, ૦% વ્યાજે દરેક ફાઇનાન્સમાં લોન કરી આપીશું.
સ્થળ : રાજકમલ ચોક, પોસ્ટ ઓફીસ સામે, ખેતાણી મોટર્સની બાજુમાં, અમરેલી
મો.૯૦૩૩૯ ૯૬૭૯૬, ૯૬૨૪૪ ૯૬૭૯૬

**મોકાની દુકાન વેચવાની છે**
વ્યાજબી ભાવથી અતિ મોકાની દુકાન સારથી કોમ્પલેક્ષ - ૨, ગ્રાઉન્ડ ફલોર, ડો.સાવલીયા સાહેબની હોસ્પિટલ સામે, લીલીયા રોડ, અમરેલી
: સંપર્ક :
મો.૯૯૭૮૯ ૯૭૨૯૮, ૯૦૯૯૯ ૬૦૦૦૫

**પટેલ બેકરી & કેક શોપ**
બેકરીની તમામ આઇટમ રોજેરોજ બનતી જેવી કે પાંઉભાજીના જમ્બો પાંઉ - દાબેલી તથા વડાપાંઉના પાંઉ - નાની મોટી સાઇઝમાં બ્રેડ
જીરા ખારી - મેથી ખારી - રીમઝીમ ટોસ્ટ - મીલ્ક ટોસ્ટ
તાજેતાજા સુરતી પાંઉ - નાનખટાઇ (કુકીઝ) મળશે
તમામ આઇટમ અમારે ત્યાં દરરોજ તાજેતાજી જ બને છે
મો.૯૦૩૩૩ ૩૮૫૩૩
સ્થળ : બટારવાડી, અમરેલી

**ઓજસ કલાસીસ - અમરેલી**
દિપક ભટ્ટ : મો.૯૮૭૯૭ ૬૯૪૫૧ માસિક ફી ૧૦૦૦/-
કોન્સ્ટેબલ
PSI નાં વર્ગો

**અમરેલીનું ગૌરવ હોટલ રોયલ ફોરચ્યુન**
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

**લોન..લોન..લોન..**
ખેડુતોને ખેતીની જમીન પર એક વીઘે ૨ લાખની લોન
ગામડાના સ્લેબવાળા મકાન પર લોન
મોર્ગેજ લોન, હોમ લોન, પેટ્રોલ પંપ ઉપર લોન
મશીનરી માટે સબસીડીવાળી લોન
કોલેજ, સંકુલ, શૈક્ષણિક સંસ્થા માટે લોન
ઓલ ગુજરાતમાં લોન મળશે
નોંધ : ખેડુતોને ઓછા વ્યાજદરે લોન મળશે
બેંક DSA : મો.૬૩૫૩૪ ૪૧૦૯૫

**મકાન કસમાં વેચવાનું છે**
અમરેલીમાં ચિતલ રોડ, રૂપાયતન સ્કુલની સામે, સિધ્ધી વિનાયકમાં મકાન કસમાં વેચવાનું છે (જ્ઞાતીબાધ નથી)
સંપર્ક : સાંઇ સદ્દગુરૂ એસ્ટેટ બ્રોકર
પ્રભુદાસ તલાટી : મો.૯૪૨૮૭ ૦૯૯૯૩
એસ.ટી.ડેપો સામે, અમરેલી

FASTag Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પ્લેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૦૬-૦૨-૨૦૨૫ ગુરૂવાર

# કોંગોમાં નવી ચિનગારીને કારણે દરિદ્ર પ્રજા પર ફરી અમાનુષી અત્યાચાર શરૂ

કોંગોના ડેમોક્રેટિક ગણરાજ્ય માટે નાગરિક સંઘર્ષ કોઈ નવી વાત નથી. પરંતુ બળવાખોર ગઠબંધન સ્ર ૩ દ્વારા ખનિજ સમૃદ્ધ શહેર ગોમા પર કબજો મેળવવાનો તાજેતરનો ઘટનાક્રમ, કોંગો સરકાર માટે અપમાનજનક ફટકો છે, જેણે પછીથી પોતાના કપાયેલા નાકને શોધી મૂળ સ્થાને ચિપકાવવાની પ્રતિજ્ઞા લીધી છે. દેશના પૂર્વમાં સ્ર ૩, જેનું નામ ૨૩ માર્ચ ૨૦૦૯ ના રોજ તુત્સીની આગેવાની હેઠળના બળવાખોર જૂથ અને કોંગો સરકાર વચ્ચે થયેલા નિષ્ફળ શાંતિ કરાર પરથી લેવામાં આવ્યું છે, તે કોંગોના તુત્સી વંશીય લઘુમતીના અધિકારોના રક્ષણ માટે લડવાનો દાવો કરે છે. આવતીકાલની દુનિયામાં જે ભદ્ર અપરાધી જૂથો પેદા થવાના છે તે આવા જ લોકહિતના મહોરા પહેરેલા હોવાના. દરેક અન્ય દેશના ઘટનાક્રમોમાં જે ઈતર પ્રજા પોતાનું પ્રતિબિંબ જોતી રહે તે પ્રજા જ હવે સાવધ ગણાશે. સરહદોની આગ અનેક દેશોની ભીતર આવી ગઈ છે અને દુશ્મનો પોતાની ધરતી પર પેદા થયેલા છે. કોંગો એનો નમૂનો છે.

કોંગો અને યુએનના નિષ્ણાતો કહે છે કે તુત્સીની આગેવાની હેઠળની સરકાર દ્વારા શાસિત પડોશી રવાન્ડા સ્ર ૩ ને સમર્થન આપી રહ્યું છે. ઈ. સ. ૨૦૧૨ માં, તેની રચનાના થોડા સમય પછી, સ્ર ૩ એ ગોમાના મોટાભાગના ભાગ પર નિયંત્રણ મેળવ્યું. પરંતુ આંતરરાષ્ટ્રીય દબાણને કારણે, તેને પોતાના પગલાં પાછા ખેંચવા પડ્યા. તુત્સીઓ માટે રાજ્ય રક્ષણના બદલામાં સ્ર ૩ બળવાખોરો કોંગો સેનામાં જોડાવા સંમત થયા ત્યારે થોડી શાંતિ થઈ. પરંતુ ઈ. સ. ૨૦૨૧ માં, જૂથે ફરીથી હથિયાર ઉપાડ્યા અને લડાઈનો એક નવો રાઉન્ડ શરૂ કર્યો. ગયા અઠવાડિયે ગોમાના પતન પછી, રવાન્ડાના રાષ્ટ્રપતિ પોલ કાગામેએ યુદ્ધવિરામની હાકલ કરી હતી પરંતુ તેની બહુ ઓછી અસર થઈ હતી. બીજી તરફ, કોંગોએ ગોમાના પતનને યુદ્ધની ઘોષણા ગણાવી છે અને જોરદાર લશ્કરી પ્રતિક્રિયા આપવાની ધમકી ઉચ્ચારી છે.

કોંગોમાં કટોકટીની અવદશા ૧૯૯૪ ના રવાન્ડાના નરસંહારથી શરૂ થઈ હતી, જેમાં વંશીય હુતુ લશ્કર દ્વારા અંદાજે ૮, ૦૦,૦૦૦ લોકો માર્યા ગયા હતા. ઈ. સ. ૧૯૯૦ના દાયકાના મધ્યમાં નરસંહાર શાસનના પતન પછી જ્યારે હજારો હુતુઓ તેમના ઘરે પાછા ફર્યા હતા. કિગાલી, રવાન્ડાથી કોંગો તરફ ભાગી રહેલા લોકોએ અને કોંગોના સ્થાનિક તુત્સીઓએ સ્વબચાવ માટે શસ્ત્રો ઉપાડ્યા. રવાન્ડાએ કોંગોમાં લશ્કરી રીતે ઘૂસણખોરી કરી છે, તેના પર ભૂતકાળના નરસંહારમાં સામેલ લોકોને આશ્રય આપવાનો આરોપ છે. આજે રવાન્ડા અગાઉ કરતા ઘણું મજબૂત છે. ભૂતપૂર્વ ગેરિલા નેતા કાગામેએ અર્થતંત્રને આધુનિક બનાવ્યું છે અને એક શિસ્તબદ્ધ સૈન્ય બનાવ્યું છે. રવાન્ડાએ પશ્ચિમી દેશો સાથે પણ ગાઢ સંબંધો વિકસાવ્યા છે, જે કાગામેને અસ્થિર પ્રદેશમાં સ્થિરતા લાવનાર બળ તરીકે જુએ છે. યુએન મિશનમાં હવે રવાન્ડા પોતાના સુરક્ષા દળો મોકલે છે. તેથી, ૨૦૧૨ થી વિપરીત, કાગામે આ વખતે ખૂબ જ મજબૂતાઈથી પોતાના પત્તા રમી રહ્યા છે. છે.

આ સંઘર્ષે કોંગોની અંતર્ગત નબળાઈઓ અને રવાન્ડાની અસલામતી અને મહત્વાકાંક્ષાઓને ખુલ્લી પાડી છે. પરંતુ નરસંહારના અંતના ૩૦ વર્ષ પછી પણ, આ સંઘર્ષ પ્રદેશના વણઉકેલાયેલા વંશીય મુદ્દાઓનો પુરાવો છે. આંતરરાષ્ટ્રીય સમુદાયે કાગામે પર બળવાખોરો પર લગામ લગાવવા માટે દબાણ લાવવું જોઈએ. કોંગોએ એ પણ સમજવું જોઈએ કે લાંબા ગાળાની શાંતિ માટે, તેણે તેની ધરતી પરથી કાર્યરત નરસંહાર સાથે જોડાયેલા જૂથો સામે પગલાં લેવા જોઈએ અને તુત્સી લઘુમતીને વિશ્વાસમાં લેવા જોઈએ, જેમના માટે નરસંહારની યાદો હજુ પણ તાજી છે. ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો એ આફ્રિકન ખંડની મધ્યમાં સ્થિત એક દેશ છે, જેનો કેટલોક ભાગ એટલાન્ટિક મહાસાગરને સ્પર્શે છે. ક્ષેત્રફળની દ્રષ્ટિએ, આ દેશ આફ્રિકન ખંડનો બીજો સૌથી મોટો દેશ છે.

કોંગો નામ કોંગો નદી પરથી રાખવામાં આવ્યું છે, જેને ઝૈર નદી તરીકે પણ ઓળખવામાં આવે છે. કોંગો મધ્ય આફ્રિકામાં સ્થિત હોવા છતાં, તે આર્થિક અને પ્રાદેશિક રીતે દક્ષિણ આફ્રિકા સાથે જોડાયેલું છે, જેનું કારણ સધર્ન આફ્રિકન ડેવલપમેન્ટ કોમ્યુનિટી (જીછઘભ) નામની સંસ્થા છે. તેની ઉત્તરમાં મધ્ય આફ્રિકન પ્રજાસત્તાક અને સુદાન, પૂર્વમાં યુગાન્ડા, રવાન્ડા અને અંગોલા અને પશ્ચિમમાં કોંગો પ્રજાસત્તાકની સરહદ છે. પૂર્વમાં, ટાંગાનિકા તળાવ દેશને તાંઝાનિયાથી અલગ કરે છે.જ્યારે કોંગો પર બેલ્જિયમનું શાસન હતું, ત્યારે 'બેલ્જિયન કોંગો' તરીકે ઓળખાતા આ દેશમાં છ પ્રાંત હતા. સ્વતંત્રતા પછી, તેમાં કેટલાક વિભાગો અને ફેરફારો કરવામાં આવ્યા. ૨૦૦૫ માં મંજૂર થયેલા કોંગો રાષ્ટ્રીય બંધારણ હેઠળ, દેશમાં ૨૫ નવા પ્રાંતો બનાવવાના હતા, પરંતુ આ હજુ સુધી બન્યું નથી. ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો (ઘઈભ), જે પશ્ચિમ યુરોપના કદ જેટલો છે, તે સબ-સહારન આફ્રિકા (જીજીછ)નો સૌથી મોટો દેશ છે. તે અસાધારણ કુદરતી સંસાધનોથી સંપન્ન છે, જેમાં કોબાલ્ટ અને તાંબુ જેવા ખનિજો, જળવિદ્યુત ક્ષમતા, નોંધપાત્ર ખેતીલાયક જમીન, અપાર જૈવવિવિધતા અને વિશ્વના બીજા સૌથી મોટા વરસાદી વનનો સમાવેશ થાય છે. અહીં બધું જ છે પરંતુ જિંદગીની શાન્તિ ક્યાંય નથી.

# લીલીયા ક્રિષ્ના શરાફી મંડળીને લોન પેટે આપેલ ચેક રીટર્ન થતા બંને ભાઇઓને બે વર્ષની સજા

## લીલીયાનાં એકવોકેટ શ્રી પાઠકની ધારદાર દલીલો કોર્ટે ગ્રાહય રહી



લીલીયા મોટા,લીલીયા મોટા ક્રિષ્ના કન્જયુમર્સ અને શરાફી સહકારી મંડળી લી. માંથી ધીરાણ મેળવી હપ્તા નહી ભરતા બાકીદાર (૧)રમજાનભાઈ હારૂનભાઈ મકવાણા રહે. લીલીયા તા.લીલીયા નો ચેક રૂ.૮૯,૫૭૭/-નો ધીરાણની રકમ તથા તે પર વ્યાજ ગણી (૧)આસિફભાઈ હારૂનભાઈ મકવાણા રહે. લીલીયા તા.લીલીયા નો ચેક રૂા.૭૫, ૨૩૮/- નો ધીરાણની રકમ તથા તે પર વ્યાજ ગણી આપેલ ચેક રીટર્ન થતા લીલીયા ક્રિશ્ના કન્જયુમર્સ અને શરાફી સહકારી મંડળીના ના ચેરમેન શ્રી હાર્દિકભાઈ જે દવે એ આ બાકીદાર સામે મંડળીના લીગલ એડવાઈઝર શ્રી કિશોરભાઈ પાઠક મારફત લીલીયા કોર્ટમા ફોજદારી ફરીયાદ નં ૪૫૪/ ૨૦૨૪ તથા ૪૫૫/૨૦૨૪ નો દાખલ કરેલ છે અને કેસ ચાલી જતા અને ધારાશાસ્ત્રી પાઠક ની દલીલો ગ્રાહય રાખી નામદાર અદાલત દ્વારા રમજાભાઈ હારૂનભાઈ મકવાણા તથા આસિફભાઈ હારૂનભાઈ મકવાણા રહે. લીલીયા તા. લીલીયા વાળા ને બે વર્ષ ની સજા કરવામા આવેલ અને ચેકની રકમ તથા તે પરનુ વ્યાજ સંસ્થાને વળતર ચુકવવા આદેશ કરેલ. તેટલીજ રકમનો દંડ નામદાર કોર્ટમા ભરવો અને દંડ ન ભરે તો વધુ ત્રણમાસ ની સજા ભોગગવા લીલીયાના પ્રિન્સીપાલ સિવલ જજ અને જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબે હુકમ કરેલ છે. આમ આ હુકમ થતા મંડળીના બાકીદારોમા ફફડાટ વ્યાપી ગયેલછે.








રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

## આજનું પંચાગ

તા ૬.૨.૨૦૨૫ , ગુરુવાર ,સંવંત ૨૦૮૧, મહા સુદ નોમ, કૃત્તિકા નક્ષત્ર , બ્રહ્મ યોગ, બાલવ કરણ , આજે જન્મેલાંની ચંદ્રરાશિ વૃષભ (બ,વ,ઉ) રહેશે.

### બહોત બેઆબરૂ હોકર તેરે કૂચે સે હમ નિકલે!!

અગાઉ અત્રે લખ્યા મુજબ વિદેશથી દેશ તરફ પ્રયાણ વધી રહ્યું છે અને અમિરિકાની નવી નીતિનો શિકાર ભારતીયો પણ બની રહ્યા છે ટ્રમ્પ સરકારની બીજી ઈનિંગ તોફાની રહેશે તેમ અત્રે જણાવ્યું હતું અને ધીમે ધીમે ભારતનું બુદ્ધિધન યુવાધન અને ધનિક વર્ગ દેશમાં જ પ્રગતિ કરવાનું વિચારશે તે સમય હવે આવી ગયો છે. છ ગ્રહોની યુતિ અને આવી રહેલા ગ્રહણની અસર તળે ઘણા દેશો તેમની વિદેશનીતિ ધરમૂળથી બદલી રહ્યા છે જે ધીમે ધીમે સામે આવી રહ્યું છે. જ્યોતિષશાસ્ત્રમાં સાધનાની વાત કરીએ તો વ્યક્તિના જન્મ સમયે જે સ્થાનમાં સૂર્ય હોય તે સ્થાનમાં દિવસ કે રાત્રી દરમિયાન જ્યાં સૂર્ય હોય એ સમયે સાધના કરવાથી વિશેષ લાભ થાય છે અને ગ્રહોના રાજા સૂર્યજે સાદ્રશ્ય દેવ છે તેના આશિષ પ્રાપ્ત થાય છે જે યશ પ્રતિષ્ઠા અને કીર્તિ અપાવનાર બને છે માટે જે સ્થાનમાં સૂર્ય હોય તે મુજબ સમય પસંદ કરી સાધના કરવાથી વિશેષ લાભ થાય છે વહેલી સવારે સૂર્ય પ્રથમ સ્થાનમાં હોય છે ત્યારબાદ આશરે બે બે કલાકના અંતરે અનુક્રમે બારમે ,અગિયારમે એ રીતે આગળ વધે છે માટે જન્મકુંડળીમાં સૂર્યનું સ્થાન જોઈ આ માટે સમય નક્કી કરવો જોઈએ અને ખાસ બીજ મંત્ર સાથે ગાયત્રી સાધના કરવાથી જીવનમાં તમામ સ્તરે પ્રગતિ થતી જોવા મળે છે કેમ કે ગાયત્રી સાધના એ સૂર્ય સાધના છે અને અંધકારથી પ્રકાશ તરફ લઈ જનારી સાધના છે જેનું જ્યોતિષશાસ્ત્રમાં પણ અનેરું મહત્વ છે.

મેષ (અ,લ,ઈ) : જીવનમાં યોગ્ય વિચારપધ્ધતિથી આગળ વધી શકો, તમારા યોગ્ય વાણી વર્તનથી લાભ મેળવી શકો,પ્રગતિકારક દિવસ રહે.
વૃષભ (બ,વ,ઉ) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, તમારા પ્રતિભાવ અને કાર્યની સરાહના થાય.
મિથુન (ક,છ,ઘ) : વાદ વિવાદ થી દૂર રહેવું,જામીનગીરી ના કરવા સલાહ છે. અન્ય માટે વિશેષ દોડધામ રહે, મધ્યમ દિવસ.
કર્ક (ડ,હ) : સગા સ્નેહી મિત્રો થી સારું રહે,આગળ વધવાની તક પ્રાપ્ત થાય,કેટલીક બાબતોને ઊંડાણપૂર્વક સમજી શકશો.
સિંહ (મ,ટ) : વેપારીવર્ગ ને સારું રહે,નવી દિશાઓ ખુલતી જણાય,પ્રગતિ થાય,નોકરિયાતવર્ગ માટે પણ પ્રગતિકારક સમય.
કન્યા (પ ,ઠ ,ણ ) : ધ્યાન યોગ મૌન થી લાભ થાય,દાન ધર્મ કરી શકો,આધ્યાતિમ્ક ચિંતન થાય,શુભ દિન.
તુલા (ર,ત) : દૂર દેશ થી સારા સમાચાર મળે, લાગણી ની વાત વ્યક્ત કરી શકો,સારો પ્રતિભાવ પ્રાપ્ત કરી શકો, દિવસ આનંદદાયક રહે.
વૃશ્ચિક (ન ,ય ) : દામ્પત્યજીવનમાં સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો, ટીમવર્કથી સારું પરિણામ મેળવી શકો.
ધન (ધ ,ભ ,ફ ,ઢ ): તબિયતની કાળજી લેવી,ખાવા પીવામાં ધ્યાન રાખવું,લાઈફસ્ટાઈલમાં ફેરફાર કરવા પડે ,મધ્યમ દિવસ.
મકર (ખ ,જ ) : પ્રણયમાર્ગે આગળ વધી શકો,ગમતી વ્યક્તિથી મુલાકાત થાય,વિશેષ પ્રતિભા કેળવી શકો.
કુંભ (ગ ,સ,શ ) : કોર્ટ કચેરી માં રાહત થાય, અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, નવી ઓળખાણોની મદદ થી કાર્ય સિદ્ધ થાય, પ્રગતિકારક દિવસ રહે.
મીન (દ ,ચ ,ઝ ,થ): સાહસ થી સિદ્ધિ પ્રાપ્ત થાય,રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, તમારું કૌશલ્ય દેખાડી શકો અને આગળ વધી શકો.

## જીલ્લામાં વધુ ત્રણ અપમૃત્યુંના બનાવો

# ખજુરી પીપળીયામાં પ્રૌઢનું એસીડ પી જતા, હીરાવામાં વિજશોકથી પરીણીતાનું, ખીચામાં ઘેનની વધુ ટીકડી પી જતા પ્રૌઢનું મોત થયું

## વડીયા તેમજ ધારી, બાબરા પોલીસ મથકમાં અપમૃત્યુના ત્રણ અલગ અલગ બનાવોમાં જાહેર કરાયું

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર) અમરેલી જીલ્લામાં દિનપ્રતિદિન અપમૃત્યુંના બનાવોમાં ચિંતાજનક રીતે વધારો થઈ રહયો છે.ત્યારે જીલ્લામાં વધુ ત્રણ અપમૃત્યુંના બનાવો પોલિસ મથકમાં જાહેર થયા હતા.જેમાં ખજુરી પીપળીયામાં પ્રૌઢનું એસીડ પી જતા,હીરાવામાં વિજશોકથી પરીણીતાનું,ખીચામાંઘેનનીવધુટીકડીપી જતાપ્રૌઢનુંમોતનિપજયુંહતું.વડિયાના ખજુરી પીપળીયા ગામે રહેતા હંસરાજભાઈ ભીખાભાઈ ધાધલ ઉ.વ.૫૦ ને પેરેલીસસની બિમારી હોય.જે બિમારીથી કંટાળી જઈ પોતે પોતાની મેળે એસીડ પી જતા દવાખાને ખસેડાતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું પત્નિ હંસાબેન હંસરાજભાઈ ધાધલે વડિયા પોલિસ મથકમાં જાહેર કરેલ છે. જયારે બીજા બનાવમાં ધારી તાલુકાના હીરાવા ગામે રહેતી નજમાબેન હનીફભાઈ લલગ ઉ.વ.૩૭ ને વીજશોક લાગતા મોત નિપજયાનું પતિ હનીફભાઈ કાળુભાઈ લલગે ધારી પોલિસ મથકમાં જાહેર કરેલ છે.ત્રીજા બનાવમાં ધારી તાલુકાના ખીચા ગામે વાઘજીભાઈ બાવચંદભાઈ વાગડીયા ઉ.વ.૪૪ ઉંઘ આવવા માટેની ઘેનની એક ટીકડી લેવાની જગ્યાએ વધુ માત્રામાં ટીકડીઓ લેતા ઝાડા ઉલ્ટી ઉબકા થવા લાગતા તથા છાતીમાં ગભરામણ થવા લાગતા દવાખાને ખસેડાતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું પુત્ર હરેશભાઈ વાઘજીભાઈ વાગડીયાએ ધારી પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

# અમરેલીમાં પટેલ સંકુલ નજીક બાયપાસ ચોકડીએ ફોરવ્હીલે બાઈકને હડફેટે લીધું

## બાઈક સાથે ભટકાવી મુંઢ ઈજા પહોંચાડી નાસી ગયાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર) અમરેલી તાલુકાના બાયપાસ સંકુલ ચોકડી પાસે અમરેલી ભોજલપરા શ્રીનાથજી પાર્ક શેરી નં.૪ માં રહેતા કૃષ્ણ ભરતભાઈ વિરપરા પોતાના હવાલાવાળું બાઈક જી.જે.૦૨ સી.આર.૨૪૪૦ નું લઈને અમરેલીથી સાવરકુંડલા રોડ નવાયાર્ડ તરફ જતા હોય.તે દરમ્યાન સંકુલ ચોકડી પાસે પહોંચતા કોઈ અજાણ્યા ફોરવ્હીલના ચાલકે પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી બાઈક સાથે અથડાવી દેતા કૃષ્ણ ભરતભાઈ હીરપરા આગળ ઉભેલ ફોરવ્હીલના ખુલેલા દરવાજા સાથે ભટકાઈ જતા બાઈકમાંથી પડી જતા શરીરે મુંઢ ઈજાઓ તથા નાકના ભાગે લોહી નીકળે તેવી ઈજાઓ પહોંચાડી કાર લઈ નાસી ગયાની અમરેલી તાલુકા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# બાબરા રાજકોટ હાઈવે ઉપર અજાણ્યા યુવાનને ફોરવ્હીલે હડફેટે લઇ લેતા મોત

## પાછળથી હડફેટે લઈ ગંભીર ઈજા પહોંચાડી મોત નિપજાવી નાસી ગયાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર)બાબરા રાજકોટ હાઈવે ઉપર હોનેસ્ટ હોટેલ પાસે જયંતિભાઈ રૂપારેલીયાની વાડીની સામે તા.૩-૨-ના રાત્રિના ૧૦:૧૫ કલાકે કોઈ અજાણ્યો યુવાન ૩૦ થી ૩૫ વર્ષનો બાબરા ચરખા રોડ ઉપર પગપાળા ચાલીને જતો હોય.ત્યારે તેને પાછળથી કોઈ અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી માનવજીંદગી જોખમમાઈ તે રીતે ચલાવી હડફેટે લઈ શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવી નાસી જઈ ગુનો કર્યાની હે.કોન્સ. રવિરાજસિંહ સરવૈયાએ બાબરા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી જીલ્લામાં બે વાહન ચાલકો સહિત ૮ શખ્સો ઢીંગલી થયેલ હાલતમાં ઝડપાયા

## જુદા જુદા સ્થળેથી ૮ શખ્સોને નશો કરેલ હાલતમાં ઝડપી લીધા

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર) અમરેલી જીલ્લામાં બે વાહન ચાલકો સહિત ૮ શખ્સોને જુદા જુદા સ્થળેથી નશો કરી ઢીંગલી થયેલ હાલતમાં પોલિસે ઝડપી લઈ જેલની હવા ખવડાવી સરભરા કરી હતી.જેમાં નાગેશ્રી, લીલીયા, અમરેલી તાલુકા,ચલાલા, બાબરા અને રાજુલા પોલિસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# સાવરકુંડલા શહેરનાં હાથસણી રોડ ઉપર વૃધ્ધાને ટ્રેક્ટરે હડફેટે લેતા ગંભીર ઈજા

## હડફેટે લઈ પગમાં ફ્રેકચર કરી માથામાં અને શરીરે ઈજા કરી નાસી ગયાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર) સાવરકુંડલા હાથસણી રોડ ઉપર ખોડીયાર ચોક પાસે પરેશભાઈ ધીરૂભાઈ ડાભીના દાદી માકબાઈબેન ઉર્ફે માકુબેનને હાથસણી ગામના ભીખા બુહાએ પોતાનું હવાલાવાળું ટ્રેક્ટર પાછળ ગાડા લારી જોડેલ હોય.જે પુરઝડપે અને બેફીકરાઈથી માનવ જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી માકુબેનને ડાબા પગમાં ત્રણ ફ્રેકચર તથા જમણા પગના સાથળના ભાગે મુંઢ ઈજા કરી વયોવૃધ્ધ હોય.જેનું ઓપરેશન કરવું જોખમી હોય.હાલ ઘરે સેવાચાકરી કરવી પડે.તેવી ગંભીર ઈજા કરી નાસી જઈ ગુનો કર્યાની સાવરકુંડલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ૧૦/૧૨ બોર્ડનાં પરીક્ષાર્થીઓને સફળતાનો સંદેશો આપતા મોટા આંકડીયાનાં આચાર્ય કે.સી.ભોગાયતા

## પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કર્યા

અમરેલી,

બોર્ડનાં પરીક્ષાર્થીઓને મોટા આંકડીયા જનતા વિદ્યાલયનાં શ્રી કે.સી.ભોગાયતાએ સફળતાનાં સંદેશા સાથે માર્ગદર્શન આપ્યું હતું.

ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષાના હવે ગણતરીના જ દિવસો બાકી છે ત્યારે સફળતા મેળવવા માટે અમુક બાબતો પ્રત્યે કાળજી રાખવી જરૂરી છે. સૌપ્રથમ તમે જે તૈયારી કરી છે તેનું પરિણામ મળશેજ એવો આત્મવિશ્વાસ રાખો.

આન્સર સીટમાં જવાબ લખતા પહેલા પ્રશ્ન ધૈર્યથી વાંચો સમજો પછી લખો ક્યારેક ઉતાવળમાં ખોટો જવાબ ના લખાય જાય તેની કાળજી રાખીને જેટલાં ગુણનો પ્રશ્ન હોઈ તેની મર્યાદામાં જ સારા અક્ષરે વિભાગ વાઈજ જવાબ લખો. આન્સર સીટમાં તમે લખેલ કોઈ ક્વોટેશન પરિક્ષકને ધ્યાને આવે તે માટે નીચે અન્ડરલાઈન કરો. જવાબોના ક્રમની સચોટતા એક જવાબ પૂર્ણ થાય ત્યાં શક્ય હોઈ તો લીટી આંકીને બીજો જવાબ શરૂ કરો. અને બીજુ હું જરૂરથી કહીશ કે મિત્રો બોર્ડની પરીક્ષા એ જીવનની અંતિમ પરીક્ષા નથી એટલે કોઈ પણ પ્રકારના ખોટા વિચારો તો કરવાના થાતા જ નથી. પરીક્ષા એ આપણાં જીવનનું સંપૂર્ણ મૂલ્યાંકન નથી.તેથી ભગવાન પર શ્રદ્ધા આત્મવિશ્વાસ રાખીને પરીક્ષાને એક ઉત્સવ સમજીને આનંદથી પસાર કરો. મનમાં એવો ભાવ પેદા કરો કે 'હું જ બધુ કરી શકું છું મને કોઈ પણ પરિસ્થિતિ ડગાવી શકે નહીં. હું જ મારા જીવનનો ભાગ્યવિધાતા છું' એવા આત્મવિશ્વાસથી ગભરાયા વગર પરીક્ષા આપજો. અને છેલ્લે હું આટલુ જ કહીશ કે તમારા માતા પિતા પરિવારજનો અને ગુરુજનોનો સાથ સહકાર અને આશીર્વાદ હરહંમેશ તમારી સાથે જ છે ક્યારેય પણ ડરો નહીં નીડર બનો કારણકે ડર માણસને અંદરથી તોડી નાખે છે માટે મજબૂત બની પરીક્ષાનો સામનો કરો જીત તમારી જ છે. તેમ કે.સી.ભોગાયતા જનતા વિદ્યાલય મોટા આંકડીયા દ્વારા જણાવાયું છે.

# લીલીયા તાલુકા ભાજપ દ્વારા નવ નિયુક્ત પ્રમુખ જીજ્ઞેશભાઈ સાવજનું સન્માન કરાયું

## સંત શિરોમણી ગુરુ રવિદાસ વિદ્યાપીઠ લીલીયાની બેઠક મળી



ગોઢાવદર, (ભરત વિંઝુડા)

લીલીયા તા. ૦૪/૦૨/ ૨૦૨૫ લીલીયાના ગોઢાવદર ખાતે તાલુકા ભાજપના ઉપપ્રમુખ હિતેશભાઈ પરમારના નિવાસસ્થાને લીલીયા તાલુકા ભાજપના નવ નિયુક્ત પ્રમુખ તરીકે યુવાન જીજ્ઞેશભાઈ સાવજ ની નિમણૂક થતા તેમને સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું જીજ્ઞેશભાઈ સાવજ નુ સન્માન શાલ ઓઢાડીને ફોટો ફ્રેમ આપીને કરવામાં આવ્યુ હતુ. તેમજ સંત શિરોમણી ગુરુ રવિદાસ વિશ્વ વિદ્યાપીઠ ના ગુજરાત પ્રદેશ કાર્યકારી અધ્યક્ષ ભાણજીભાઈ બગડા ગુરુજી અને અમરેલી જિલ્લા ના પ્રમુખ જીજ્ઞેશભાઈ દાફડાનુ સન્માન શાલ ઓઢાડી અને ફોટો ફ્રેમ આપીને કરવામા આવ્યુ હતુ લીલીયા તાલુકા ભાજપના પ્રમુખ જીગ્નેશભાઈ સાવજ દ્વારા તેમને સન્માન બદલ હિતેશભાઈ પરમાર તથા સર્વ આગેવાન ભાઈઓનો આભાર વ્યક્ત કર્યો. તેમજ ભાણજીભાઈ બગડા દ્વારા સંગઠન દ્વારા કરવામાં આવતી કામગીરી નો અહેવાલ રજુ કરેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા હિતેશભાઈ પરમાર,હરજીભાઈ રાઠોડ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમ પૂર્ણ થયે સહુએ અલ્પાહાર કરેલ. ઉપસ્થિત ભીખાભાઈ ધારૈયા, ભરતભાઈ બગડા, પ્રવિણભાઈ બગડા, કાળુભાઈ ગોહિલ,મુળજીભાઈ પરમાર,ભુરાભાઈ વિંઝુડા વગેરે ઉપસ્થિત રહ્યા હતા ભરત વિંઝુડા ની યાદી મા જણાવે છે.

### અમરેલીના હરીપુરા ગામે મોબાઈલ ચોરાયો

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર)અમરેલી તાલુકાના હરીપુરા ગામે રહેતા પ્રકાશભાઈ બાબુભાઈ કોટડીયા પોતાના વાડી ખેતરથી ઘરે આવતા હોય. ત્યારે ઓપો કંપનીનો રૂા.૧૬,૫૦૦ ની કિંમતનો મોબાઈલ પડી જતા કોઈ ચોરી ગયાની અમરેલી તાલુકા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## સુડોકુ નં. ૩૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | | | 2 | | | | 6 | |
| 6 | | 3 | 4 | 8 | | | 5 | 2 |
| 2 | | | 1 | | | | | |
| | | 5 | 8 | 4 | 2 | | | |
| | | | | | | | | |
| | | | 7 | 5 | 3 | 4 | | |
| | | | | | 9 | | | 8 |
| 5 | 6 | | | 7 | 4 | 2 | | 1 |
| | 9 | | | 6 | | | | 4 |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૩૦ નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 9 | 7 | 2 | 8 | 6 | 5 | 4 | 3 |
| 8 | 2 | 4 | 5 | 9 | 3 | 7 | 1 | 6 |
| 3 | 6 | 5 | 7 | 1 | 4 | 9 | 8 | 2 |
| 5 | 7 | 3 | 6 | 2 | 1 | 8 | 9 | 4 |
| 4 | 8 | 6 | 3 | 7 | 9 | 1 | 2 | 5 |
| 2 | 1 | 9 | 8 | 4 | 5 | 3 | 6 | 7 |
| 6 | 5 | 1 | 9 | 3 | 2 | 4 | 7 | 8 |
| 7 | 4 | 2 | 1 | 5 | 8 | 6 | 3 | 9 |
| 9 | 3 | 8 | 4 | 6 | 7 | 2 | 5 | 1 |

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૭૦૦ થી ૧૪૯૧ મગફળી ૮૪૫ થી ૧૧૦૧

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૮૫૦-૧૧૦૭
શિંગમોટી-૮૪૫-૧૧૦૧
શીંગફાડા-૯૨૫-૧૧૫૫
તલસફેદ-૧૩૦૦-૨૨૫૫
તલકાળા-૪૫૦૦-૩૯૦૦
તુવેર-૧૦૯૫-૧૪૦૪
ઘઉંટુકડા-૫૧૯-૬૬૭
ઘઉંલોકવન-૬૧૦-૬૪૬
ચણા-૮૫૦-૧૧૭૩
કપાસ-૭૦૦-૧૪૯૧
ધાણા-૧૨૦૦-૧૩૭૫
સોયાબીન-૪૬૫-૭૯૮
અડદ-૭૧૦-૧૪૮૫
એરંડા-૧૧૦૦-૧૨૧૮
મરચાલાંબા-૪૦૦-૩૪૬૦
જીરૂ-૩૬૪૦-૩૮૨૫

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૨૫૦-૩૦૦
રીંગણા-૭૦૦-૯૦૦
કોબીઝ-૬૦-૮૦
ટમેટાં-૧૦૦-૧૨૦
સુરણ-૧૦૫૦-૧૨૫૦
ફોદીનો-૫૦૦-૬૦૦
ગાજર-૪૨૦-૫૨૦
ગલકા-૪૨૦-૫૨૦
કાકડી-૩૦૦-૬૦૦
ગુવાર-૮૦૦-૧૬૦૦
દુધી-૧૫૦-૨૧૦
બીટ-૨૧૦-૨૬૦
ભીડો-૫૦૦-૭૦૦
આદુ-૬૩૦-૮૩૦
કોથમીર-૧૦૦-૧૫૦
મેથીભાજી-૮૦-૧૨૦
ટીંડોરા-૪૦૦-૫૦૦
લીમડોમીઠો-૩૪૦-૪૪૦
મરચાલીલા-૩૦૦-૫૦૦
મુળા-૧૦૦-૧૭૦
લીંબુ-૬૨૦-૯૨૦
પાલક-૩૧૦-૪૧૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૫૨૫-૭૭૧
સોયાબીન-૭૦૦-૭૫૧
ઘઉં-૬૫૩-૬૭૫
જુવાર-૮૯૧-૯૮૫
કપાસ-૧૨૫૦-૧૪૬૧
તલપીળા-૨૫૨૫-૨૫૫૦
અડદ-૯૫૧-૯૫૧
ચણા-૯૫૦-૧૦૯૬
શીંગ-૯૦૦-૧૦૪૦
તુવેર-૧૧૬૧-૧૩૨૧

**મહુવાયાર્ડ**
ઘઉં-૬૨૪-૭૩૧
ડુંગળીલાલ-૧૫૦-૫૨૫
તલસફેદ-૧૮૬૬-૧૮૬૬
અડદ-૮૦૫-૧૧૦૦
તુવેર-૧૨૫૨-૧૩૭૧
ચણા-૯૭૦-૧૦૯૬
ડુંગળીસફેદ-૨૨૯-૪૩૨
શીંગ-૧૧૨૦-૧૧૨૦
બાજરી-૪૫૨-૬૪૧
જુવાર-૫૦૦-૧૦૩૧
નાળીયેર-૯૫૦-૨૫૦૦

**બાબરા યાર્ડ**
કપાસ-
ઘઉં-
મગફળી-
સોયાબીન-
જીરૂ-
મગફળીબી.ટી.-
કપાસમીડીયમ-
તુવેર-

**ધારી માર્કેટયાર્ડ**
કપાસ-૧૦૬૧-૧૪૦૯
તુવેર-૯૫૦-૧૩૩૯
શીંગ-૧૦૦૦-૧૦૨૫
સોયાબીન-
મગફળી-૯૪૪-૧૦૫૧
ધાણા-

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગજીણી-૯૫૧-૧૦૮૦
શીંગમોટી-૧૦૦૦-૧૧૧૧
તુવેર-૧૨૫૦-૧૪૭૦
તલસફેદ-૨૦૦૦-૨૧૮૧
કપાસ-૧૩૦૦-૧૪૬૧
ઘઉંલોકવન-૫૬૦-૬૯૦
જીરૂ-૩૫૦૦-૩૮૨૦
જુવાર-૯૪૦
ચણા-૧૦૫૦-૧૩૦૧
સોયાબીન-૬૫૦-૭૭૦
બાજરો-૬૫૦

**ખાંભા માર્કેટયાર્ડ**
કપાસ-
મગફળી-

**લીલીયા માર્કેટ યાર્ડ**
કપાસ-૧૧૯૭-૧૪૬૪

**બગસરા માર્કેટયાર્ડ**
કપાસ-૧૨૦૦-૧૪૬૫
ચણા-૯૦૦-૧૦૬૦
ધાણા-૧૩૭૦-૧૩૭૦
શીંગદાણા-૧૧૦૦-૧૨૧૨
સોયાબીન-૫૦૦-૭૯૭
એરંડી-૧૦૫૦-૧૦૫૦
તુવેર-૧૨૪૦-૧૩૮૦
ઘઉંલોકવન-૬૦૧-૬૩૦

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૭૦૦-૧૪૦૦
દાડમ-૧૦૦૦-૨૨૦૦
મુસંબી-૩૦૦-૬૦૦
અંગુર-૭૦૦-૧૮૦૦
કીવી-૪૦૦૦-૫૨૦૦
ડ્રેગન ફ્રુટ-૧૫૦૦-૨૨૦૦
અનાનસ-૯૦૦-૧૨૦૦
જામફળ-૮૦૦-૧૪૦૦
કેળા-૩૫૦-૪૫૦
પોપૈયા-૪૦૦-૬૦૦
બોર-૩૦૦-૭૦૦
સફરજન કાશ્મીર-૨૦૦૦-૩૦૦૦

### અમરેલી આજનું તાપમાન

મહ ામ તાપમાન-૨૮.૪
ન્યુનતમ તાપમાન -૧૪.૦
ભેજનું પ્રમાણ -૭૮
પવનની ગતિ સરેરાશ -૩.૫

### ધારાસભ્યશ્રી હિરાભાઇ સોલંકી અને આગેવાનોની ઉપસ્થિતિમાં

# જાફરાબાદમાં ૧૩ મો સમુહલગ્નોત્સવ યોજાયો

**સમુહલગ્નોત્સવમાં ૨૧ નવ દંપતિઓએ પ્રભુતામાં પગલા માંડ્યા : સાળંગપુરથી શ્રી આર્યનભગત સહિતની ખાસ ઉપસ્થિતિ અને નવદંપતિને આર્શિવચન**

**ફેબ્રુઆરીમાં યોજાઇ રહેલા ૫૦ જેટલા સમુહલગ્નોત્સવમાં એક હજારથી વધારે નવ દંપતિ પ્રભુતામા પગલા માંડશે : સમુહલગ્નની તૈયારી શરૂ કરી દેવાઇ**







રાજુલા, (કનુભાઈ વરૂ)

રાજુલા જાફરાબાદ વિસ્તારોમાં ફેબ્રુઆરી માસમાં રેકોર્ડ બ્રેક ૫૦ જેટલા સમૂહ લગ્ન છે જેમાં ૧૦૦૦ કરતા વધારે દીકરા દીકરીઓ પ્રભુતામાં પગલાં માંડશે ત્યારે આ સમૂહ લગ્નનો આજથી રંગાર રંગ જાફરાબાદ થી પ્રારંભ કરવામાં આવ્યો હતો. જાફરાબાદ ખાતે યોજાયેલા આ સમૂહ સાળંગપુરના બાળભક્ત આર્યન ભગતે હાજરી આપી હતી આ તકે પરમ પૂજ્ય આર્યન ભગતે જણાવ્યું હતું કે કોઈ ધારાસભ્ય બની જાય તો તેને વટ આવી જાય છે પરંતુ ધારાસભ્ય તો હનુમાનજી જેવા હોવા જોઈએ પ્રજાના સેવક હોવા જોઈએ રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી આ પ્રવૃત્તિ કરી રહ્યા છે ત્યારે તેને બિરદાવ્યા હતાં. શ્રી કષ્ટભંજનદેવ સારંગપુરના પરમ ઉપાસક પરમ પૂજ્ય શ્રી આર્યન ભગત સાથે મુલાકાત કરી આ બાળ હનુમાનજી સ્વરૂપના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ બાબતે ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે રાજુલા જાફરાબાદ ની વાત કરીએ ફેબ્રુઆરી માસમાં પચાસ કરતા વધુ સમૂહલગ્નનું આયોજન આ વિસ્તારમાં થયેલ છે જેમાં હજારોની સંખ્યામાં નવ યુગલો પ્રભુતામાં પગલાં પડશે આ માટે આયોજકો દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. રાજુલા વિધાનસભા વિસ્તારમાં સાડી અને સુખનું વિતરણ કરવામાં આવી રહ્યું છે હજુ ક્રમશ અન્ય સમૂહલગ્નોમાં વિતરણ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. આ લગ્ન પ્રસંગે હીરાભાઈ સોલંકી, ચેતનભાઈ શિયાળ, ભાવેશભાઈ સોલંકી, હર્ષદભાઈ મહેતા, જયેશભાઈ ઠાકર, શ્રવણભાઈ બારીયા, મનહરભાઈ બારીયા, એલ એન્ડ ટી કંપની અનિલ શુક્લા, નર્મદા કંપનીના અધિકારીઓ સંતો મહંતો સહિત ઉપસ્થિત રહ્યા હતાં.

### રાજુલા માર્કેટયાર્ડમાં આઠ દિવસ ખરીદી બંધ રહી તેના કારણે ૫૦૦ ખેડુતો બાકી રહી જતા

# રાજુલા માર્કેટયાર્ડમાં ટેકાના ભાવે ખરીદી માટે મુદ્દત વધારવાની સરકારમાં રજુઆત

**ચાર દિવસ બારદાન ન આપ્યા અને ત્રણ દિવસથી ભાડે રાખેલા ગોડાઉન ફુલ થઇ ગયા તેથી ખરીદી બંધ કરેલી**



રાજુલા, રાજુલામાર્કેટયાર્ડમાંસરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદી થઈ રહી છે

ત્યારે માર્કેટિંગમાં આવેલા ખેડૂતોએ જણાવ્યું કે હવે ત્રણ દિવસ બાકી છે ત્યારે ૫૦૦ જેટલા ખેડૂતો બાકી છીએ અને ખરીદી વિભાગનો કાર્ય પ્રશંશનીય હતું પરંતુ ગુજકોમાસોલ દ્વારા ચાર દિવસ બારદાન ન આપ્યા અને ત્રણ દિવસથી ભાડે રાખેલ ઢસા ગોડાઉન ફૂલ થઈ જવાથી ખરીદી બંધ હતી. આમ આઠ દિવસથી ખરીદી બંધ રહેવાના કારણે આ પરિસ્થિતિ નિર્માણ થઈ છે તો સરકારશ્રીએ તાત્કાલિક ધોરણે આ આઠ દિવસ બંધ રહ્યું તેના બદલે સમય પાછો ફાળવવો જોઈએ જેથી તમામ ખેડૂતોની ખરીદી થઈ શકે તેમ ખેડુતોમાંથી માંગણી ઉઠી છે.

ચાર દિવસથી ખરીદી બંધ હતી જેના કારણે માર્કેટિંગ યાર્ડમાં સિંગ પણ સમાતી નથી એટલે સીંગનો ભરાવો થયો હતો જે આજે ટ્રક મારફત પહેલા રાત્રે જ મોકલાતી તેના બદલે ૨૪ કલાક ટ્રકથી સિંગને રવાના કરવામાં આવી છે તેમ જણાવ્યું છે.

# જાફરાબાદની બંધ પડેલી પેટાતિજોરી કચેરી શરૂ કરવા અને સ્ટાફ વધારવાની માંગ કરાઇ

**રાજુલા ઓફિસનાં મહેકમ પ્રમાણે સ્ટાફ નથી : માત્ર એક અધિકારી કામ કરે છે..!**

રાજુલા, (કનુભાઈ વરૂ)

જાફરાબાદ ખાતે તાલુકાની સ્થાપના પછી વર્ષોથી તિજોરી કાર્યરત હતી પરંતુ પાંચ વર્ષથી પડવું પડ્યું હતી જેને રાજુલા સ્થળાંતર કરી નાખી અને તેનું સ્થળાંતર રાજુલા તિજોરી ઓફિસ સાથે કરી દેવામાં આવ્યું. ત્યારબાદ જાફરાબાદ ખાતે તેજુરી કચેરી કેન્સલ કરી નાખતા લોકોમાં એક વર્ષ તો ભારે રોષ હતો જાફરાબાદ તાલુકાના લોકો રાજુલા તેજરી ખાતે તમામ કામકાજ તેજુરીમાં બિલો કે પેન્શન લેવા કે પૂર્ણતા કરવા લેવાદેવામાં થોડાક દિવસ લોકોએ અવાજ ઉઠાવ્યો પરંતુ આજ દિન સુધી કોઈ નિર્ણય આવેલ નથી અને જાફરાબાદ તિજોરી બંધ થઈ જતા રાજુલા તેજુરી જાફરાબાદ ની ભેળવી દીધું રાજુલા હાલ તાલુકો પણ મોટો છે અને પાંચ થી છ કર્મચારીનું નેકમ પણ સરકારે મંજૂર કર્યું છે પરંતુ હાલ તેજરી અધિકારી અને પટાવાળો છે પટાવાળો પણ કાયમી નથી હાલ તો આ પેટા તેજુરી કચેરી ઉપર એટલું બધું ભારણ આવી ગયું છે કે અહીં તેજરી ઓફિસમાં રાજુલા જાફરાબાદ ના પેન્સરો પોતાના કાગળ દેવા પૂછપરછ માટે ધક્કા ખાય છે તેમ જ અહીં લગ્ન નોંધણી ની અલગ ટિકિટ હોવાથી લેવા પણ આવે છે તેમજ ૧૫ જેટલી ના પગાર બિલ પણ અહીં થાય સે અને હાલ તો અહીં એટલા બધા પગાર બિલ આવે છે જે દાખલા તરીકે એસઆરપી મામલતદાર કચેરી બાગાયતી ઓફિસ સરકારી કોલેજ થી ફીસરીઝ ઓફિસ તાલુકા પંચાયત સરકારી હોસ્પિટલ ચૂંટણીના માર્ગદર્શન ચૂંટણી નો હિસાબ સહિતનું કામગીરી રાજુલા તેજરી ઓફિસમાં થાય છે પટા તેજરી ઓફિસ આજ દિન સ્ટાફ ભરવામાં આવ્યો નથી ચલણ લેવા લોકો જાય છે તો હવે તેજરી અધિકારી કહે છે અહીં ચલણ પણ સરકારે કોરા આપવામાં આવતા તે બંધ કરી દીધા છે જેથી લોકોને પ્રાઈવેટ સ્ટેશનરી કલર દુકાનમાં પણ મળતા નથી જેથી ઝેરોક્ષ કરી અને લોકો વાપરે છે કુંવરબાઈના મામેરાની લગ્નની ટિકિટ આ એક જ કચેરીમાં મળતી હોવાથી લોકો તેજરી કચેરીએ ટિકિટ લેવા જાય છે આ ટિકિટ બીજે મળતી નથી ગુમ થયેલી એગ્રીમેન્ટ કોપી કઢાવવા માટે પણ ટિકિટ આ એક જ માત્ર રાજુલા પેટાતેજરી ઓફિસમાં મળે છે તાલુકા પંચાયત બાંધકામના ચલણ પણ આ ઓફિસમાં જ ભરવાના હોય છે આમ પગાર બિલ મહિને ૨૫૦૦લોકોનો અહીં હિસાબ ચેક બીલ તમામ કાર્ય રાજુલા તીજરી ઓફિસમાંથી કાર્ય થાય છે અધૂરામાં પૂરું ૮૫૦ લોકો તો તાજેતરમાં સીઆરપી સ્ટાફ નવો આવ્યો બાલાની વાવ ગામે તેના કર્મચારી ના પણ પગાર બિલ શહીતઆ કચેરીમાં કામગીરી થાય છે ત્યારે આ વિસ્તારના ઝડપી કામ ન થતા હોવાથી સ્ટાફ પૂરતો આવે તે માટે રાજુલા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખશ્રી ગૌરાંગભાઈ મહેતા ભાજપના આગેવાન શ્રી રવુભાઈ ખુમાણ તથા બકુલભાઈ વોરા સાહિત ધારાસભ્ય હીરાભાઈ સોલંકીને રજૂઆત કરી રાજુલા પેટા તેજુરી કચેરીમાં સેટઅપ મુજબ સ્ટાફ પુરવા હીરાભાઈ સોલંકીને રજૂઆત કરી છે જલ્દી માં જલ્દી સ્ટાફ પુરાય તેવી માંગણી કરી છે જ્યારે જાફરાબાદ ખાતે તેજુરી બંધ હોવાથી કેન્સર અને મુશ્કેલી છે જેથી જાફરાબાદ ચેમ્બરના પ્રમુખ જયેશભાઈ ઠાકર હર્ષદભાઈ મહેતા તથા બોટ એસોસિયેશનના પ્રમુખ કનૈયાલાલ સોલંકી એ પણ ધારાસભ્ય હીરાભાઈ સોલંકી ને રજૂઆત કરી તાત્કાલિક ધોરણે આ વિસ્તારના લોકો અને પેન્શનઓને મુશ્કેલી પડે છે સામાન્ય કેજુરીના કામમાં આખો દિવસ બગાડી ૫૦ કિલોમીટર આવન કરવું પડે છે અને હેરાનગતિ ભોગવી પડે છે સામાન્ય લગ્ન નોંધણીની ટિકિટ લેવી હોય તો પણ ધક્કા થાય છે ફીસરીઝ કચેરી જાફરાબાદ ને ટિકિટ લેવા રાજુલા મુશ્કેલી પડે છે જાફરાબાદમાં કોઈપણ ઓફિસ ભાડે કે કે સરકારી ઓફિસ ઓફિસો પણ નવી બન્યું છે ત્યારે જૂની કોઈપણ ઓફિસમાં તાત્કાલિક તેજુરી ઓફિસ મંજૂર કરી શરૂ કરવા માં આવે તેવી માંગણી જાફરાબાદ શહેરના લોકો માંથી ઉઠવા પામી છે.

### બગસરા એસટી ડેપોમાં ઢંગધડા વગરનું નિયંત્રણ

# બગસરા દાહોદ રૂટની એસટી બસ છેલ્લા ૪૫દિવસથી ગેરકાયદેસર રીતે દોડે છે ?

**વહેલી સવારે ટીબલાના વિદ્યાર્થીઓને સ્પેશ્યલ મુકવા જાય છે..!**



બગસરા, (સમીર વિરાણી)

બગસરા એસટી ડેપોમાં અણઘર વહીવટે તો માજા મૂકી છે આને કોઈ કહેવા વાળું છે કે નહીં હાલ નવો કિસ્સો બહાર આવ્યો છે બગસરા દાહોદ સાંજના ૫:૧૫ મિનિટે ઉપડતી બસ માં બગસરા ટીબલા ના વિદ્યાર્થીઓને બેસાડીને ગીચોગીચ આ બસ નો દરવાજો બંધ ન થાય તેવી પોઝિશન કરી નાખે છે જયારે આ બસ સંપૂર્ણ રીતે ગેરકાયદેસર ચલાવવામાં આવે છે આ બસ વિદ્યાર્થી માટે છે નહીં તેના માટે બગસરા ટીબલા પાણીયા નો ફેરો સ્પેશિયલ મૂકવામાં આવે છે ત્યારે છેલ્લા ૪૫દિવસથી આ બસ ડેપો મેનેજર દ્વારા શા માટે ગેરકાયદેસર ચલાવવામાં આવે છે જેમાં આખી બસ ઓનલાઈન તથા જીપીઆર સિસ્ટમ વાળી હોવાથી તે બસ બગસરા ડેપોમાંથી ઉપડીને બગસરા થી ટીબલા જાય છે જે આ બસમાં રુટ આવતો નથી અને આ બસ બધા વિદ્યાર્થીઓને ટીબલા મૂકવા જાય છે પછી અમરેલી પહોંચતા પોણા બે કલાક જેવો સમય લાગી જાય છે. કોઈપણ જાતનો અકસ્માત થશે તો ડેપો મેનેજર તથા ચાર્જમાં રહેલ એટીઆઈ ની રહેશે ત્યારે અંદર બેઠેલ પેસેન્જર ઓનલાઈન બુકિંગ કરાવેલું હોય અને આગળ પણ બુકિંગ કરાવેલા પેસેન્જર રાહ જોઈ જોઈને થાકી જાય છે ત્યારે વિભાગીય નિયામક દ્વારા આ બસ છેલ્લા ૪૫દિવસથી ચાલતી હતી તેના માટે તપાસ કરી તાત્કાલિક ધોરણે આ બાબતે પગલાં લેવામાં નહીં આવે તો ઉચ્ચકક્ષાએ હર્ષ સંઘવી મિનિસ્ટર ને લેખિત પત્રથી બગસરાના જાગૃત નાગરિક દ્વારા પ્રેસ મીડિયાને જણાવ્યું છે.

### રેલ્વે પરિવાર દ્વારા

# સાવરકુંડલામાં વસંત પંચમી નિમિતે સરસ્વતી પુજા કરાઇ



સાવરકુંડલા, (સૌરભ દોશી)

સાવરકુંડલા રેલ્વે પરિવાર દ્વારા વસંત પંચમી ની સરસ્વતી પૂજા કરવામાં આવી હતી. સાવરકુંડલા રેલ્વે પરિવાર દ્વારા આયોજિત સરસ્વતી પૂજા સમારોહ ખૂબ જ ધામધૂમથી સંપન્ન થયો હતો આ આયોજન ૨૦૧૯ માં સ્થાપિત કરવામાં આવ્યો હતો અને દર વર્ષે શ્રી માં સરસ્વતી પૂજા સમિતિ દ્વારા આયોજિત કરવામાં આવે છે. આ વર્ષે પણ, સમારોહમાં રેલ્વે પરિવારના તમામ સભ્યોએ મળીને વસંત પંચમીના દિવસે માતા સરસ્વતીની મૂર્તિની સ્થાપિત કરવામાં આવી હતી માઁ સરસ્વતીની મૂર્તિને માટીમાંથી બનાવવામાં આવી હતી અને સૌએ પવિત્ર મનથી માતાજીની પૂજા અર્ચના કરી. બાળકો માટે ભોજન, ભજન સંધ્યા અને અન્ય સેવા કાર્ય પણ આયોજિત કરવામાં આવ્યા હતા. પૂજાના સમાપન બાદ, માઁ સરસ્વતીની મૂર્તિને મોટા ઝીંઝુડા સ્થિત ડેમ ના પાણીમાં માતાજીની મૂર્તિ વિસર્જિત કરવામાં આવી હતી. આ સમારોહ સાવરકુંડલા રેલ્વે પરિવારના સભ્યો વચ્ચે એકતા સાથે સૌએ મળીને આ આયોજનને સફળ બનાવવામાં પોતાનું યોગદાન આપ્યું હતું.

# કુંડલા લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરમાં વિશ્વ કેન્સર દિવસની ઉજવણી કરાઇ

**વિશ્વ કેન્સર દિવસ નિમિતે જનજાગૃતિ માટે કાર્યક્રમનું આયોજન**



સાવરકુંડલા, (સૌરભ દોશી) સાવરકુંડલામાં આવેલા શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરમાં વિશ્વ કેન્સર દિવસ નિમિત્તે એક વિશેષ જાગૃતિ કાર્યક્રમ યોજાયો, જેમાં કેન્સર વિશે મહત્વપૂર્ણ માહિતી આપવામાં આવી. કેન્સર એક ગંભીર પરંતુ યોગ્ય સારવાર અને સમયસર નિદાન દ્વારા નિયંત્રિત કરી શકાય તેવો રોગ છે. આ કાર્યક્રમ દરમિયાન દર્દી નારાયણ અને તેમની સાથે આવેલા સગાઓને કેન્સરની વિશેષતાઓ, નિદાન, અને સારવાર પદ્ધતિઓ વિશે જાણકારી આપવામાં આવી. કેન્સરથી બચવા માટે પ્રાથમિક લક્ષણોની ઓળખ, જમવાનું અને જીવનશૈલીમાં ફેરફાર, તેમજ વ્યસનમુક્તિ કેવી રીતે ફાયદાકારક સાબિત થઈ શકે, તે અંગે જાણ કરવામાં આવી હતી. શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરમાં કેન્સર સંબંધી નિદાન અને સારવાર સંપૂર્ણ મફતમાં ઉપલબ્ધ છે. હોસ્પિટલમાં અનુભવી ડોક્ટરો અને સ્ટાફ દર્દીઓની તંદુરસ્તી માટે સતત પ્રયત્નશીલ છે. વિશ્વ કેન્સર દિવસ નિમિત્તે 'મારો અંગૂઠો કેન્સર પ્રતિરોધ માટે' નામથી જાગૃતતા અને આરોગ્ય માટે સમર્પિત એક વિશેષ કેમ્પેઈન ચલાવવામાં આવ્યું. આ અભિયાન હેઠળ ઉપસ્થિત લોકો તથા અન્ય થઈ આશરે ૪૦૦ થી ૫૦૦ દ્વારા કેન્સર પ્રત્યે જાગૃતિ અને તેના નિવારણ માટે સંકલ્પ લીધેલ હતો. કાર્યક્રમમાં શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડેશનના મંત્રી શ્રી દિવ્યકાંત સૂચક, યુવા ટીમના શ્રી મનિષભાઈ પરમાર અને હોસ્પિટલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. પ્રકાશભાઈ કટારીયા દ્વારા જાગૃતિ ફેલાવવાનો સંદેશ આપવામાં આવ્યો. તથા હોસ્પિટલના સ્ટાફ, ડોક્ટર્સ અને મેનેજમેન્ટની વિશેષ હાજરી રહી હતી.

# રાજુલા વિસ્તારનાં ખેડૂતોને ટેકાના ભાવે વેચાણની મુદત વધારવા રજૂઆત કરતા ધારાસભ્ય હીરાભાઈ સોલંકી

**૫૦૦ ઉપરાંતના ખેડુતો બાકી હોવાથી કૃષિમંત્રી સહિતને રજુઆત કરી**

રાજુલા, (કનુભાઈ વરૂ)

રાજુલા વિસ્તારના ખેડૂતો માટે ધારાસભ્ય દ્વારા રજૂઆત કરવામાં આવી હતી અને વહેલી તકે ખેડૂતોના હિતમાં નિર્ણય લેવા પત્ર પાઠવી રજૂઆત કરી હતી જાણવા મળતી વિગત મુજબ રાજુલા ધારાસભ્ય હીરાભાઈ સોલંકી અને યાર્ડના ચેરમેન જીગ્નેશભાઈ પટેલ દ્વારા pss મગફળી જે ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે છે તેમાં રાજુલા ખાંભા બંને સેન્ટર ઉપર માર્કેટિંગ યાર્ડમાં ચાલે છે આજની તારીખે રાજુલા વિસ્તારના ખેડૂતોની વાત કરીએ તો ૪૯૭ ખેડૂત તો બાકી છે ખાંભા ૩૫૫ ખેડૂતો બાકી છે તેમજ ખરીદીની છેલ્લી તારીખ ૮ ફેબ્રુઆરી છે.

અસંખ્ય ખેડૂતો આ ખરીદીથી બાકી રહી જાય તેમ છે તેમને અન્યાય ન થાય તે માટે આવા ખેડૂતો બાકી ના રહે તે માટે વધુ ૧૦દિવસ લંબાવી દેવા માટે રજૂઆત કરવામાં આવી છે બીજી તરફ ખેડૂતોએ જણાવ્યું કે થોડાક દિવસ પહેલા બારદાન ના અભાવે રાજુલા ગુજકોમાર્સલે ખરીદી સંપૂર્ણ બંધ હતી અને છેલ્લા ચાર દિવસથી ઢસા ખાતે ગોદામ ફૂલ થઈ જતા ચાર દિવસથી ખરીદી બંધ હતી. આમ આઠ દિવસ ખરીદી બંધ રહી તેના બદલામાં બંધ રહી તે મુદત આપવી જોઈએ જેથી આઠ દિવસ બંધ રહી હતી તેના બદલે આઠ દિવસ વધારવામાં આવે તો ૫૦૦ જેટલા ખેડૂતો ની સિંગ હજી પડી છે તે વેચાણ થઈ શકે આમ ગુજકોમાર્શલ દ્વારા આઠ દિવસ ખરીદી બંધ રે જેથી બાકી ખેડૂતો રહી જવા પામ્યા છે તો તાત્કાલિક આ મુજબ વધારવા ખેડૂતો અને હીરાભાઈ સોલંકીની પણ માંગણી છે.

# કુંડલાની શ્રી વીડી ઘેલાણી મહિલા આર્ટસ કોલેજમાં બેસ્ટ પર્સનાલિટી સ્પર્ધા યોજાઇ



સાવરકુંડલા, (સૌરભ દોશી) શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આર્ટસ કોલેજમાં બેસ્ટ પર્સનાલિટી સ્પર્ધાનું આયોજન થયું, જેમાં વકૃત્વ સ્પર્ધા, સામાન્ય જ્ઞાન, વ્યક્તિત્વ મૂલ્યાંકન, અને ઈન્ટરવ્યુના આધારે સ્પર્ધકોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. પ્રિન્સિપાલ શ્રી ચાવડા દ્વારા નિર્ણાયકોનો પરિચય આપવામાં આવ્યો તથા સ્વાગત કરવામાં આવ્યું હતું. સભા સંચાલન નિમાવત કૃપાએ કર્યું. સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રી ધર્મેન્દ્રભાઈ કનાલા, પ્રા.ડો.રુક્સનાબેન કુરેશી તથા પ્રા.ડો.હરિતાબેન જોષીએ ભૂમિકા ભજવી. કાર્યક્રમના આયોજક તરીકે પ્રા. છાયાબેન પી .શાહ તથા સહાયક તરીકે ડો. જાગૃતીબેન રાઠોડે ભૂમિકા ભજવી હતી. સ્પર્ધામાં વાઘેલા હેતલ પ્રથમ, ચૌહાણ આસિયા બીજા તથા દાફડા ધર્મિષ્ઠા ત્રીજા ક્રમે રહ્યા. પૂર્વ બેસ્ટ પર્સનાલિટી નિમાવત કૃપાએ સ્પર્ધામાં પ્રથમ આવનાર વાઘેલા હેતલને તાજ પહેરાવી, તેનું સન્માન કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં સમગ્ર સ્ટાફ તથા વિદ્યાર્થીનીઓ નો સહકાર મળ્યો હતો.

### પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિતે શિવમંદિરના લાભાર્થે

# જેઠીયાવદરમાં લોકડાયરો યોજાશે

**શ્રી રાજભા ગઢવી, અલ્પા પટેલ, જયદેવ ગોસાઇ, હકાભાઈ ગઢવી, વિજયદાન ગઢવી ડાયરો જમાવશે**

અમરેલી,

જેઠીયાવદર ગામે શિવમંદિરના લાભાર્થે તા. ૮ થી ૧૦ સુધી પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ નિમિતે ભવ્ય લોકડાયરો યોજાશે.

જેમાં શ્રીરાજભા ગઢવી, અલ્પા પટેલ, જયદેવ ગોસાઈ, હકાભાઈ ગઢવી, વિજયદાન ગઢવી ડાયરો જમાવશે આવડ માતાજીના મંદિર પાસે જામકા રોડ જેઠીયાવદર ખાતે લોકડાયરાનો લાભ લેવા આયોજકોએ જણાવ્યું છે.

